જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૧/૨૦૧૮ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- માચાર યાદી નં.૧૦૪/૧૮

## મર્ડરના ગુનામાં પકડાયેલ અને છેલ્લા દોઢ વર્ષથી પેરોલ જમ્પ કરી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેર. એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ નાસતા ફરતા આરોપીઓ તથા પેરોલ ફર્લો જમ્પ થયેલ આરોપીને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી.ના પો.સ.ઇ.શ્રી એન.એન.રબારી તથા પોસઇ શ્રીજે.કે.રાઠોડ તથા પો.સ.ઇ.શ્રી એ.વી.શિયાળીયાનાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન મ.સ.ઇ. પુજાબેન મદનસિંહ તથા હે.કો. ફીરોજખાન નસરુદ્દીન નાઓની સંયુકત બાતમી હકીકત આધારેઅમીનાબીબી જમાલુદ્દીન મનસુરી ઉવ. ૬૮ ધંધો- ઘરકામ રહે. રુમ નં. ૫૦ ન્યુ કોમર્શીયલ મીલની સામે ટેકરાવાળી ચાલી અમદુપુરા કાલુપુર અમદાવાદ શહેરને જુહાપુરા ચાર રસ્તા ખાતે થીઝડપી લેવામાં આવેલ. સદરી ઇસમની પુછપરછ કરતાં સને ૨૦૧૩ માં ખુનના ગુનામાંમાધુપુરાપોલીસ સ્ટેશનમાં પકડાયેલ અને આ ગુનામાં સાબરમતી સેન્ટ્રલ જેલમાં ગયેલ અને માહે ૦૭/૨૦૧૬ ના મહીનામાં દિન-૦૭ ની પેરોલ રજા મેળવેલ જે પેરોલ રજા પુરી થયા બાદ પોતે જેલમાં હાજર નહી થઇ પેરોલ રજા ઉપરથી જમ્પ કરી નાસતી ફરતી હતી ની હકીકત જણાવેલ. જેથી સદરી આરોપીને આજરોજ તા.૧૬/૦૧/૨૦૧૮ ના રોજ હસ્તગત કરી સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

**<u>શાહીબાગ પોલીસ સ્ટેશન :</u>**

અમો, મે અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા મે. નાયબ પોલીસ કમીશનર શ્રી, ઝોન-૪, અમદાવાદ શહેર તથા અધિક મદદનીશ પોલીસ કમીશનર શ્રી એફ ડીવીઝન અમદાવાદ શહેર નાઓની રાહબરી હેઠલ શાહીબાગ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૧૪/૨૦૧૮ ધી ઇ.પી.કો કલમ ૩૦૨, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબના ગુનાના આરોપી નં.(૧) કનુજી S/O કેશાજી શકરાજી ઠાકોર ઉ.વ.૩૨ રહેવાસી- ચીમનલાલ નારણદાસ ઘાંચીની ચાલીમાં, કિંજલ ડાઈનીંગ હૉલની બાજુમાં, સિવિલ કોર્નર ની સામે, શાહીબાગ, અમદાવાદ શહેર. મુળવતન: ગામ.સોનાઈડા તા.જી.ગાંધીનગર તથા (૨) જસપાલ ઉર્ફે ઈન્દ્રે S/O બાબુભાઈ રણછોડભાઈ રાવત ઉ.વ.૧૯ રહેવાસી: ગોવાજીના છાપરા, કુબેરપુરા, ભીલવાસ, અસારવા બ્રીજ પાસે, અસારવા, શાહીબાગ, અમદાવાદ શહેર. મુળવતન: ગામ. લુણવામંડાલી તા. સિધ્ધપુર, જી.પાટણ. તથા (૩) શ્રીમતી ભારતી ઉર્ફે ગુફી W/O કનુજી કેશાજી તે બાબુભાઈ રણછોડભાઈ રાવતની દિકરી ઉ.વ.૨૫ રહેવાસી:ગોવાજીના છાપરા, કુબેરપુરા, ભીલવાસ, અસારવા બ્રીજ પાસે, અસારવા, શાહીબાગ, અમદાવાદ શહેર. તથા ચીમનલાલ નારણદાસ ઘાંચીની ચાલીમાં, કિંજલ ડાઈનીંગ હોલ ની બાજુમાં, સિવિલ કોર્નર ની સામે, શાહીબાગ, અમદાવાદ શહેર નાઓએ ગઇ તા.૧૪/૦૧/૨૦૧૮ ના કલાક: ૧૯/૦૦ થી ૧૯/૩૦ વાગ્યા દરમીયાન ફરીયાદીના પિતા મરણજનાર વિજયકુમાર રામચરણ બાથમ ઉ.વ.૫૦ નાએ આરોપીબેન પાસે જમાવાનું માગતાં તે બાબતે આરોપીઓએ મરણજનાર સાથે બોલાચાલી ગાળાગાળી કરી ઝપાઝપી કરી નીચે પાડી દઇ તમામ આરોપીઓ મરણજનાર ઉપર ચઢી જઇ લોખંડના છરા થી વારફરથી નાના મોટા ઘા મારી ગંભીર પ્રકારની જીવલેણ ઇજાઓ કરી મોત નીપજાવેલ વિગેર મતલબે ઉપરોક્ત આરોપીઓની અમો તથા અમારા પર્સનલ સ્ટાફના માણસો સાથે તપાસમાં હતા દરમીયાન અમારા પર્સનલ સ્ટાફના માણસોને બાતમી હકીકત મળેલ કે આ ગુના ના આરોપીઓ સિવિલ કોર્નર સામે આવેલ કિંજલ ડાઇનીંગ હોલની ગલીમાં ઉભા છે જે હકીકત આધારે અમોએ તથા અમારા પર્સનલ સ્ટાફના માણસોએ સદરી આરોપીઓને સદર જગ્યાએ થી પકડી લીધલે અને પોલીસ સ્ટેશન લાવી પુછપરછ દરમીયાન આ ગુનામાં વાપરેલ હથિયાર લોખંડનો છરો પણ રીકવર કરવામાં આવેલ છે અને આરોપીઓને તા.૧૫/૦૧/૨૦૧૮ ના કલાક: ૨૦/૩૦ વાગે અટક કરી ગણતરીના કલાકોમાં અમોએ તથા અમારા પર્સનલ સ્ટાફના માણસો દ્વારા આ ગુનો શોધી કાઢેલ છે.





**દાણીલીમડા પોલીસ સ્ટેશન :**

## જુગારનો ક્વોલીટી કેસ શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા અધિક નાયબ પો.કમિ.શ્રી "કે" ડીવીઝનનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગેરકાયદેર રીતે ચાલતા પ્રોહિ/જુગારના કેસો શોધી કાઢવા સુચના મળતા તેમજ સિનિયર સિનિયર પોલીસ ઈન્સપેકટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સિનિયર પોલીસ ઈન્સપેકટરશ્રી આર.કે.અમીન તથા સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. આર.જી.ખાંટ તથા સાથેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા દાણીલીમડા ગુલાબનગર આગળ જાહેર રોડ ઉપર આવતા સાથેના પો.કો.જગદીશકુમાર ગણેશભાઈ તથા પો.કો ધર્મરાજ યુવરાજનાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપીઓ નં.(૧) ગુલામમોહમદ સ/ઓ મોહમદહુસેન હાજી હનીફભાઈ કુરેશી ઉ.વ.૫૫ રહે. મ.નં.૧૦૮૬ તારની શેરી મહાદેવ વાડી ચાલીનો ખાંચો જમાલપુર અમદાવાદ શહેર + ૧૦ = ૧૧ નાઓને દાણીલીમડા સુએઝ ફાર્મ રોડ એચ.એસ.હોટલવાલા કાંટાની બાજુમાં મોહસીન ઓટો ગેરેજના ગોડાઉનમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી રમતા <u>(૧) ગંજી પાના કુલે નંગ- ૧૦૪ કિ.રુ.૦૦/૦૦ તથા (૨) રોકડ નાણા રુ.૭૮,૭૪૫/- તથા (૩) ટુ વ્હીલ નંગ- ૭ તથા એક ફોર વ્હીલ નંગ-૧ મળી કુલ્લે કિ.રૂ.૬,૮૦,૦૦૦/-તથા (૪) ચાદર નંગ-૧ કિં.રૂ.૦૦/- મળી કુલે કિ.રૂ.૭,૫૮,૭૪૫/</u> ના મુદ્દામાલ સાથે પકડી લઈ સદરી આરોપીઓ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી જુગારનો કવોલીટી કેસ શોધી કાઢેલ છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**